**વિષય- મોટી-મધ્યમ-નાની સિંચાઇ યોજના અને ક્ષાર પ્રવેશ અંકુશની કામગીરીના કામો માટે પૂર્વ લાયકી માપદંડમાં સુધારા વધારા કરવા બાબત.**

---

ગુજરાત સરકાર

નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ

પરિપત્ર ક્રમાંક પરચ-૧૦૯૭-૧૩૯૭-(૧૧) (ક.ર)-ક.૧

ગાંધીનગર, સચિવાલય

તા-૧૭/૮/૨૦૦૨

**વંચાણે લીધા-** (૧) સરકારશ્રીના ન.જ.સં. અને પા.પુ.વિ. ના તા-૧.૫.૯૭ ના પરિપત્ર ક્રમાંક પરચ-૧૦૯૭-૧૩૯૭-(૧૧)(કર)-ક.૧

(૨)સરકારશ્રીના ન.જ.સં. અને પા.પુ.વિ ના પરિપત્ર ક્રમાંકપરચ-૧૦૯૭-૧૩૯૭-(૧૧)(કર)-ક.૧ તા-૧૪.૮.૯૮

(૩) સરકારશ્રીના ન.જ.સં. અને પા.પુ.વિ. ના પરિપત્ર ક્રમાંક-પરચ-૧૦૯૭-૧૩૯૭-(૧૧)(ક.ર)-ક.૧ તા-૩/૭/૨૦૦૨

**પૂર્વભૂમિકા-**

જાહેર બાંધકામ વિભાગના મેન્યુઅલના પારા ૧૯૯ (૧) (સુધારેલા) પ્રમાણે રૂા. ૧૦૦ લાખથી વધુ અંદાજી કિંમતના બાંધકામો માટે ઠેકેદારો માટે પૂર્વલાયકીનાં ધોરણો વિભાગ તરફથી છેલ્લે તા- ૧૪-૮-૯૮ ના પરિપત્રથી નકકી કરવામાં આવેલ, અને આ ધોરણોનો અમલ તા- ૩૧-૧૨-૯૯ સુધી કરી ત્યાર બાદ અનુભવના આધારે કાયમી નીતિ નકકી કરવાનું નકકી કરવામાં આવેલ.આમ

તા- ૩૧.૧૨.૯૯ બાદ આ પૂર્વ લાયકી ધોરણોનું વિશ્લેષણ કરી પૂર્વ લાયકી માપદંડોમાં પુન: સુધારા કરવા માટે મંત્રીશ્રી (સિંચાઇ) સાથે વિભાગના મુખ્ય ઇજનેરશ્રીઓ અને સચિવશ્રી (જ.સં) એ મીટીંગ કરી, આ પૂર્વ લાયકી ધોરણોમાં સુધારા વધારા કરવા મુખ્ય ઇજનેરશ્રી ઓની કમિટીને સૂચના આપેલ. મુખ્ય ઇજનેરશ્રીઓની કમિટીએ પૂર્વ લાયકી ધોરણોનો અભ્યાસ કરી જે માપદંડમાં સુધારા વધારા સૂચવેલ તે ધ્યાને લઇ નીચે જણાવ્યા પ્રમાણે રાજયની મોટી-મધ્યમ-નાની સિંચાઇ યોજના અને ક્ષાર પ્રવેશ અંકુશની કામગીરીના કામો માટે પૂર્વલાયકી માપદંડમાં સુધારો-વધારો કરવાનું નકકી કરવામાં આવેલ છે અને સંદર્ભિત પરિપત્ર તા-૩/૭/૨૦૦૨ થી તે પરિપત્ર કરવામાં આવેલ.જે બાબત હવે આખરી થતા નીચે પ્રમાણે સુધારેલ પૂર્વલાયકી માપદંડ નિર્ધારિત કરવામાં આવે છે.

**૧.૦ કામની સમય મર્યાદા**

(૧) રૂા. ૧ કરોડથી ૩ કરોડ -૧૧ માસ

(૨) રૂા.૩ કરોડથી ૧૦ કરોડ-૧૫ થી ૧૮ માસ

(૩) રૂા.૧૦ કરોડથી ૧૫ કરોડ-૧૮ થી ૨૪ માસ

(૪) રૂા.૧૫ કરોડથી ૩૦ કરોડ-૩૬ માસ

(૫) રૂા. ૩૦ કરોડ ઉપર આયોજન અને જરૂરીયાત અનુસાર (લઘુત્તમ - ૩૬ માસ)

**૨.૦ નાણાંકીય સધ્ધરતા (એન્યુઅલ ટર્ન ઓવર)**

ઠેકેદારશ્રીએ છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન કોઇ પણ એક વર્ષમાં વરસાદી માસના ત્રણ માસ બાદ કરતા કામની અંદાજિત રકમ અને સમય મર્યાદા ધ્યાને લઇને વાર્ષિક કરવાના થતા કામનું સો એ સો ટકા (૧૦૦ ટકા) રકમનું ઓછામાં ઓછું ટર્ન ઓવર કરેલ હોવું જરૂરી છે.

ટર્ન ઓવરની રકમ જે તે સંબધિત વર્ષની લાવવા માટે દર વર્ષે ૧૦ ટકાના ધોરણે ભાવ વધારો ગણીને રકમ નકકી કરવાની થાય. ટર્ન ઓવરનું પ્રમાણપત્ર સંબધિત કાર્યપાલક ઇજનેર, ઇન્કમટેક્ષ ઓફીસર અથવા ચાર્ટડ એકાઉન્ટન્ટનું પ્રમાણિત કરેલું હોવું જરૂરી છે.

**૩.૦ કામ કરવાની ભૌતિક ક્ષમતા (ફીઝીકલ કેપેસીટી)**

ઠેકેદારશ્રીએ છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન કોઇ પણ એક વર્ષમાં દર વર્ષે ચોમાસાના ૩ મારાના સમયને બાદ કરતા જેટલું માટીકામ, કોંક્રીટકામ કરવાનું હોઇ તેના ૮૦ ટકા જેટલા જથ્થાની કામગીરી ઠેકેદારશ્રીએ કરેલ હોવી જોઇએ.

કોંક્રીટકામ/ચતરકામ અને માટીકામમાં જથ્થાનું રૂપાંર કરી શકાશે નહી, મુળ કામગીરી જ કરેલ હોવી જરૂરી છે.

કરેલ કામનું પ્રમાણપત્ર સઘળી વિગત સાથે સંબધિત કાર્યપાલક ઇજનેરશ્રીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

**૪.૦ ટેન્ડરને અનુરૂપ કામ અંગે ભૌતિક અનુભવ-(ફીઝીકલ એકસપીરીયન્સ)**

ઠેકેદારશ્રીએ સુચિત કામની અંદાજિત કિંમતને અનુલક્ષીને છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન ૬૦ ટકા જેટલી કિંમતનું એક કામ સફળતાપૂર્વક પુર્ણ કરેલ હોવું જોઇએ અથવા પ્રગતિમાં હોવું જોઇએ જે વર્ષમાં ટેન્ડર મેળવ્યા હોઇ તે વર્ષની ભાવ સપાટીએ કિંમત ગણીને ધ્યાને લેવાની રહેશે અને સંબધિત વર્ષની કિંમત લાવવા માટે પ્રતિ વર્ષ ૧૦ ટકા ના ધોરણે ભાવ વધારો ગણીને કિંમત નકકી કરવાની રહેશે.

આ કામમાં જે પ્રકારના કામનું ટેન્ડર માંગવામાં આવેલ હોય તે પ્રકારના કામ પુર્ણ કરેલા કે પ્રગતિ હેઠળ હોવા જરૂરી છે અને તે પ્રમાણેની જોગવાઇ રાખવાની રહેશે.

ભૌતિક કામના અનુભવ માટે જે તે કામના સંબધિત કાર્યપાલક ઇજનેરશ્રીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

**૫.૦ યંત્રો અને સામગ્રી-**

કામો કરવાની ભૌતિક ક્ષમતામાં નિર્દેષ થયા પ્રમાણેના કરવાના થતાં વાર્ષિક માટીકામ/ખોદાણકામ તથા ચણતરકામ /કોંક્રીટકામ માટે, અલગ અલગ રીતે તે જથ્થાના ૫૦ ટકા જથ્થા જેટલું કામ થઇ શકે, તે માટે જરૂરી એવી, યંત્રો-સામગ્રી ઠેકેદાર પાસે પોતાની અને ચાલુ હાલતમાં હેવી જરૂરી છે.

**૬.૦ સ્ટાફ-**

રૂા. ૫ કરોડ સુધીના કામો માટે સીવીલ ઇજનેર-૨, સુંપરવાઇઝર-૪, ટેકનીકલ આસીસ્ટન્ટ-૬ હોવા જોઇએ, રૂા ૫ કરોડથી ઉપરના કામો માટે તેના સાપ્રમાણમાં હોવા જોઇએ, હયાત સ્ટાફ ન હોય તો બાહેંધરી આપીને સ્ટાફ કામ માટે રોકવાનો રહેશે.

**૭.૦ કામ કરવા માટે નાણાંકીય આયોજન (કેશ ફલો)**

રૂપિયા ૨૦ કરોડથી વધારે અંદાજી રકમના કામો માટે ઠેકેદારે કામ કરવા માટે માસિક નાણાંકીય આયોજન : કેશ ફલો : ની વિગતો રજૂ કરવાની રહે છે. ઠેકેદાર આ કામો સમયસર પુરા કરવા અને આ માટે પોતાના કેટલાં નાણાં કામ માટે રોકવાનું આયોજન છે તેની વિગતો કામની સમય મર્યાદાના ગાળા દરમ્યાનના દરેક માસ માટે આપવાની રહે છે.

ઉપર મુજબના ફકરા ૧ થી ૭ ના ઉદાહરણો સાથે વંચાણમાં લઇને, પૂર્વ લાયકી દસ્તાવેજમાં યોગ્ય અને ચોકકસાઇપૂર્વક વિગતોનો સમાવેશ કરીને અમલ કરવાનો રહે છે.

ભાગ-૨

નીચે જણાવેલ બાબતોની જોગવાઇ ટેન્ડર પેપર્સમાં યોગ્ય જગ્યાએ યોજનાના કામોના આયોજનને ધ્યાનમાં લઇને કરવાની રહે છે.

(૧) સીવીલ કામના તથા દરવાજાના કામના અલગ અલગ ટેન્ડરો મંગાવવાના રહેશે , બન્ને કામના સાથે ટેન્ડર મંગાવવા નહી,

(૨) કામ માટેની સોલવન્સીની જોગવાઇ જહેર બાંધકામ નિયમ સંગ્રહના ફકરા ક્રમાંક-૨૦૨ (ખ) (૩) માં છે તે અનુસાર કામની અંદાજી કિંમતના ૨૦ ટકા કે જે નક્કી કરવામાં આવે તે રકમની સોલવન્સી માટે ટેન્ડરમાં જોગવાઇ કરવાની રહે છે.

ઉપર પ્રમાણેની જોગવાઇઓ ટેન્ડરના દસ્તાવેજમાં કરવાની રહે છે.

ભાગ-૩

ઉપરોકત જોગવાઇના અમલ માટે નીચેની સૂચનાઓનું ચોકસાઇથી પાલન થાય તે જોવાનું રહે છે.

(૧) ઠેકેદારની સક્ષમતા અને અંદાજોની ચકાસણી કાર્યપાલક ઇજનેર તેમજ અધીક્ષક ઇજનેરશ્રી ધ્વારા થાય તે જરૂરી છે, અને આ દસ્તાવેજમાં કાર્યપાલક ઇજનેરે આ ચકાસણી નિર્દેશ થયેલા પૂર્વલાયકી માપદંડને ધ્યાનમાં લઇને ચોકસાઇપૂર્વક કરવામાં આવેલ છે, તેમ પ્રમાણિત કરવાનું રહે છે.

(૨) ઠેકેદાર પાસે આ પ્રકારના ટેન્ડરમાં જણાવેલ કામના પ્રકારના જેવા બીજા કામો હાથ ઉપર હોય તો ઠેકેદાર આ કામો પુરા કરવા દર માસે જે માટીકામ/ખોદાણ તથા ચણતર/કોંક્રીટ કામો કરવા પડે તની વિગતો

આપવાની રહે છે અને તે ભાગ(૧) ના ફકરા (૨) માં જણાવ્યા પ્રમાણેની જે ક્ષમતા નકકી કરવામાં આવે તેમાંથી આ કામો પુરા કરવાની ક્ષમતા બાદ કરવાની રહેશે અને ત્યારબાદ બાકી રહેતી ક્ષમતા નકકી કરેલ માપદંડ જેટલી અથવા તેથી વધારે જોઇશે.

(૩) પૂર્વલાયકી માપદંડની ગણતરીમાં કોઇ એક ક્ષમતા માટે ઠેકેદાર પાત્ર ઠરતા ન હોય તો તે એક ક્ષમતાના ધોરણમાં એક ટકા જેટલી છૂટછાટ સચિવશ્રીની કક્ષાએ લેખિત કારણો દર્શાવી આપી શકાશે.

(૪) આ પરિપત્રની સૂચનાઓનો અમલ તાત્કાલિક અસરથી કરી ત્યારબાદ અનુભવના આધારે કાયમી નિતી નકકી કરવાની રહેશે.

(૫) આ પરિપત્ર બહાર પાડવામાં આવેલ તારીખે જે કામના પ્રાઇઝબીડ ખોલવામાં આવેલ ન હોઇ તેવાં કામોના પ્રાઇઝબીડ રદ કરી તેવા કામો માટે નવેસરથી આ પરિપત્રની જોગવાઇ મુજબ ટેન્ડર માંગવાના રહેશે. ઉપરની સૂચનાઓનું તુરત ચુસ્તપણે પાલન થાય તે તમામ સ્તરે જોવા આથી જણાવવામાં આવે છે. પરિપત્રનો અમલ તા- ૩૧.૧૨.૦૨ સુધી કરવાનો રહેશે.

(૬) આ પરિપત્ર ફકત જળસંપત્તિ પ્રભાગના કામો માટે જ લાગુ પડે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના નામે અને તેઓશ્રીના હુકમથી

(signature) ૧૭/૮/૦૨

(કે.એન.અકુવાલા)
ખાસ ફરજ પરના અધિકારી
નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ

My document/cesas/d/notes

**<u>નકલ રવાના</u>**

(૧) મા.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.

(૨) મા.મંત્રીશ્રી (સિંચાઇ) ના અંગત સચિવશ્રી તરફ જાણ સારૂ

(૩) સચિવશ્રી (જળસંપત્તિ) સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ

(૪) સર્વે મુખ્ય ઇજનેરશ્રી અને અધિક સચિવશ્રી (જળસંપત્તિ)

(૫) સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ,નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ.

(૬) સર્વે અધીક્ષક ઇજનેરશ્રીઓ (પંચાયત સહિત) નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ, તેમના તાબા હેઠળના સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓને આ પરિપત્રની લેખિત જાણ કરવા વિનંતી.

(૭) વિભાગની સર્વે શાખાના સેકશન અધિકારીશ્રીઓ, નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ.

(૮) નાણાંકીય સલાહકારશ્રી,સચિવાલય, ગાંધીનગર.

My document/cesas/d/notes